**જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ગાંધીનગર**

**ગ્રાહક ફરિયાદ નં.૨૦૯/૨૦૧૪**

**ફરિયાદીઃ–** દેવાંગ નલીનચંદ્ર વ્યાસ
૬૭૭/૧, ગોલ્ડનપાર્ક સોસાયટી,
સેકટર–૩૦,મુ.પો.તા.જી.ગાંધીનગર

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ–**૧.કબીર કોમ્પ્યુનિકેશનના માલિક/પ્રોપરાઈટર
૨/૩,પેટ્રોલપંપ નજીક, મેઘમલ્હાર કોમ્પલેક્ષ,
સેકટર–૧૧,મુ.પો.તા.જિ. ગાંધીનગર.
૨.વીઝન કેર,
શોપ નં.૩,સેકન્ડ ફલોર પ્રાર્થના કોમ્પલેક્ષ,
કાકડીયા હોસ્પી.નજીક,ઈન્ડીયા કોલોની,
બાપુનગર,અમદાવાદ–૩૮૨૩૫૦
૩.સ્વાઈપ ટેલીકોમ એલએલપી કંપની,
બિલ્ડીંગ નં.૫,બ્લોક નં.૩,
રીયાલીટી વેરહાઉસીંગ,ગેટ નં.૨૩૨૩/૧(ઓલ્ડ),
ગેટ નં.૧૩૩૭/૧,(ન્યુ)નગર રોડ,વાગોલી,
પુના–૪૧૨૨૦૭.

**બાબત :–ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અન્વયેની ફરીયાદ.**

**કોરમ :–** પ્રમુખશ્રી, શ્રી એમ.જે.મહેતા
સભ્યશ્રી શ્રીમતી પ્રિતીબેન પંડયા

**વકીલશ્રીઓ :** ફરિયાદી તરફે :– –
સામાવાળા નં.૧ તરફેઃ– વિ.વ.કે.બી.રાવલ

## -:: ચુકાદો ::-

૧. આ કામે ફરિયાદીની ફરિયાદની હકીકત એવી છે કે ફરિયાદીએ તા.૩૦-૩-૧૪ના રોજ સામાવાળા નં.૧ પાસેથી ૧ ટેબલેટ સ્વાઈપ કંપનીનું ખરીદ કરેલ હતું. જે ટેબલેટના ફરિયાદીએ રૂા.૧૩,૩૦૦/- ચુકવેલ છે. જે ટેબલેટનું ઈન્વોઈસ બિલ નં.૧૩-૧૪/એસ ૧૮૭૩૮ આંક ૨ રજુ કરેલ છે. સદર ટેબલેટ ખરીદ કર્યા પછી છ માસની અંદર બગડી જતા ટેબલેટ ચાર્જીગ થતું ન હોઈ સામાવાળા નં.૧નાને ફરિયાદીએ રજુઆત કરતા ફરિયાદીને અમદાવાદ ખાતે ગુજરાતના વર્કશોપ ચલાવતા હોઈ તથા આ કંપનીમાં કે જે સ્વાઈપ કંપનીનું મોટું વર્કશોપ હોઈ ફરિયાદીએ તા.૧૭-૯-૧૪ના રોજ આ ટેબલેટ મેનેજરશ્રી પરત રીપેરીગ કરવા માટે આપેલ.

૨. સામાવાળા નં.૨ ના કે જેઓ વર્કશોપના માલિક/મેનેજર/કર્મચારી હોઈ કંપનીની એક જોબસ્લીપમાં તમામ વિગતો ભરીને જોબશીટ તૈયાર કરેલ હતું, જેની એક કોપી ફરિયાદીને આપવામાં આવેલ હતી. તા.૧૭-૯-૧૪ પછી બે વાર તપાસતા કઈ ફરિયાદીને સામાવાળાએ કોઈ જવાબ આપેલ નહી. આથી તા.૮-૧૦-૧૪ના રોજ ફરિયાદીએ ઈમેલથી સામાવાળાને તે બાબતે ફરિયાદ કરેલી હતી. ત્યાર પછી ફરિયાદીએ બીજો મેઈલ તા.૯-૧૦-૧૪ના રોજ કરેલ હતો. સામાવાળા નં.૨ નાએ ટેબલેટ

રીપેર કરી આપેલ નથી અને ટેબલેટ સામાવાળા નં.૨ ના કબજામાં છે. આથી ફરિયાદીને વારંવાર ધક્કા ખાવા પડેલ સામાવાળા નં.૨ નાએ ફરિયાદીને તેમનું ટેબલેટ સમયસર રીપેરીંગ કરી આપેલ નહીં જેને કારણે ફરિયાદીને માનસીક ત્રાસ વેઠવો પડેલ. આમ સામાવાળા નં.૨ નાએ ફરિયાદીને ટેબલેટ રીપેર કરી આપેલ ન હોઈ ફરિયાદીએ ટેબલેટની કિંમત રૂા.૧૩,૩૦૦/– ૯ % ના વ્યાજ સાથે સામાવાળાઓ ચુકવી આપે તેવો હુકમ કરવા વિનંતી છે. ઉપરાંત ફરિયાદીને માનસિક ત્રાસ પડેલ તેના વળતર રૂપે રૂા.૫૦૦૦/– અને ફાઈલ ખર્ચના રૂા.૩૦૦૦/– મેળવવા માટે આ ફરિયાદ દાખલ કરેલ છે.

૩. ફરિયાદીએ ફરિયાદના સમર્થનમાં આંક ૨ થી અ.નં. ૧, ૨ ૩ અને ૪ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સામાવાળા નં.૧ એ આંક ૭ થી ફરિયાદનો લેખીત જવાબ આપેલ છે. સામાવાળા નં.૧ ના કથન મુજબ ફરિયાદીએ ટેબલેટની ખરીદ કર્યાની હકીકત ખરી છે. તેમણે લોભામણી જાહેરાત આપીને ટેબલેટ વેચેલ છે તે વાત ખરી નથી. ટેબલેટ બગડી જતા સામાવાળા નં.૨ જે કંપનીનું વર્કશોપ છે તેની પાસે ટેબલેટ જમા છે આથી સામાવાળા નં.૧ ધ્વારા કોઈ સેવામાં ક્ષતિ આચરેલ નથી. ફરિયાદીની ફીરયાદની હકીકત સામાવાળ નં.૨ અને ૩ ને લગત હોઈ સામાવાળા નં.૧ને આ ફરિયાદ બાબતે કશુ કરવાનું રહેતું નથી.

૪. આ કામે સામાવાળા નં.૧ ના જવાબ પછી ફરિયાદીએ કોઈ રીજોઈન્ડર રજુ કરેલ નથી અને સામાવાળા નં.૧ના જવાબને પડકારેલ નથી. સામાવાળા નં.૨ અને ૩ને સમન્સ બજાવવા માટે વખતોવખત ફોરમ તરફથી ફરિયાદીને આંક ૯, ૧૦ થી છેલ્લા બે વર્ષથી સામાવાળા નં.૨ અને ૩ નોટીસ પાઠવવા માટે નવા સરનામાં રજુ કરવા માટે જણાવવામાં આવેલ હોવા છતા રેકર્ડ ઉપર કોઈ કાર્યવાહી કરેલ નથી. આથી ફરિયાદીએ જયારે સામાવાળા નં.૨ અને ૩ના નવા સરનામા રજુ કરવા માટેના આ ફોરમના હુકમનો અમલ કરેલ નથી. આથી નોન કોમ્પલાયન્સ ઓફ ધ ફોરમ ઓર્ડર સામાવાળા નં.૨ અને ૩ સામે ફરિયાદીની ફરિયાદ રદ થયેલી ગણવામાં આવે છે.

૫. આ સંજોગોમાં ફરિયાદીની ફરિયાદ અન્વયે સામાવાળા નં.૧ નાએ જવાબ રજુ કરેલ છે અને તે જવાબમાં ટેબલેટના વેચાણ પછી રીપેરીંગની જવાબદારી સામાવાળા નં.૨ અને ૩ નાની છે અને જેથી સામાવાળા નં.૧ નાની કોઈ સેવાકીય ક્ષતિ હોવાનું ઠરાવી શકાય નહી. વળી, અરજદારનું ટેબલેટ સામાવાળા નં.૨ અને ૩ ના કબજામાં છે તે પણ અરજીની હકીકતમાં ફલિત થાય છે.

૬. આ સંજોગોમાં સામાવાળા નં.૧ ની કોઈ જવાબદારી ફરિયાદીના કથન અનુસાર મુકરર કરી શકાય નહી અને ફરિયાદીની દાદ મેળવવાની અરજી પણ સામાવાળા નં.૨ની સામે છે. આથી સામાવાળા નં.૨ ને યોગ્ય બજવણીના અભાવે ફરિયાદ રદ કરવા માટે

વ્યાજબી અને પુરતા કારણો રેકર્ડ ઉપર સ્થાપિત થયેલા છે. જેથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

ફરિયાદીની ફરિયાદ આથી રદ કરવામાં આવે છે.

બંને પક્ષકારોને હુકમની નકલ વિનામૂલ્યે આપવાની રહેશે.

આજ તા.૦૬–૦૧–૨૦૧૮ના રોજ ખુલ્લા ફોરમ સમક્ષ ચુકાદો જાહેર કરી સહી–સિકકા કર્યા.

**( એમ.જે.મહેતા )**
**પ્રમુખ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
**ગાંધીનગર**

**(શ્રીમતી પ્રિતીબેન પંડયા)**
**સભ્ય**
**ગ્રા.ત.નિ.ફોરમ,ગાંધીનગર**